અપીલ અરજી નં.૨૮૦ તા.૩૧–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૬–૯–૦૮ની અરજીથી બાયોમેટ્રી સર્વેઝુંપડા નં.૯૦૧૩૦૦૦૩૯નું ફોટોગ્રાફી (ફોટા) માં લાલ અક્ષરે ૩૯ નંબર અપાયેલા નસીમા દોસ્તમહુ ૨૭એફ–૧૬–૭૧૭૩–૦–૦૦૧ વેરાબીલ રજુ કરેલ છે 'શું' બાયોમેટ્રી સર્વેમાં નામ સામેલ છે? શા માટે નહીં સ્પષ્ટ જવાબ આપશો સ્લમ અપગ્રેડેશન ધ્વારા સ્લમ યોજના અન્વયે બાયો મેટ્રીકક સર્વે કરવામાં આવ્યું તેના મઢીની ખમણી અંબામાતા વિસ્તારમાં આપવામાં આવેલા નંબરો સ્લમ ધ્વારા કયા પુરાવાના આધારે ઝુંપડાના નંબરો આપવામાં આવ્યા છે તેના સમગ્ર યાદીની માહિતી વિગેરેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૮૦/૨૦૦૮–૦૯

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૬–૯–૦૮ની અરજીથી બાયોમેટ્રી સર્વે ઝુંપડા નં.૯૦૧૩૦૦૦૩૯નું ફોટોગ્રાફી (ફોટા) માં લાલ અક્ષરે ૩૯ નંબર અપાયેલા નસીમા દોસ્તમહુ ૨૭એફ–૧૬–૭૧૭૩–૦–૦૦૧ વેરાબીલ રજુ કરેલ છે 'શું' બાયોમેટ્રી સર્વેમાં નામ સામેલ છે? શા માટે નહીં સ્પષ્ટ જવાબ આપશો સ્લમ અપગ્રેડેશન ધ્વારા સ્લમ યોજના અન્વયે બાયો મેટ્રીક સર્વે કરવામાં આવ્યું તેના મઢીની ખમણી અંબામાતા વિસ્તારમાં આપવામાં આવેલા નંબરો સ્લમ ધ્વારા કયા પુરાવાના આધારે ઝુંપડાના નંબરો આપવામાં આવ્યા છે તેના સમગ્ર યાદીની માહિતી વિગેરેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૯ તા.૬–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન અને મ્યુ. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)ને તથા અરજદારને વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સ્લમ અપગ્રેડેશન સેલના પત્ર નં.એસયુસી/આ.નં.૧૯૦૭ તા.૨૭–૧–૦૯ થી અત્રે વિગત મોકલેલ છે જે અનુસાર મુદ્દા નં.૩ અને ૬ ઉધનાઝોનને સ્પર્શે છે જયારે બાકીના મુદ્દા તેમને સ્પર્શતા છે. અરજદારને તેઓ કક્ષાએથી માહિતી આપ્યાનું જણાતું નથી. જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી કે માહિતી ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજીમાં બાયોમેટ્રી સર્વે ઝુંપડા નં.૯૦૧૩૦૦૦૩૯નું ફોટોગ્રાફી (ફોટા) માં લાલ અક્ષરે૩૯ નંબર અપાયેલા નસીમા દોસ્તમહુ ૨૭એફ–૧૬–૭૧૭૩–૦–૦૦૧ વેરાબીલ રજુ કરેલ છે 'શું' બાયોમેટ્રી સર્વેમાં નામ સામેલ છે? શા માટે નહીં સ્પષ્ટ જવાબ આપશો સ્લમ અપગ્રેડેશન ધ્વારા સ્લમ યોજના અન્વયે બાયો મેટ્રીકક સર્વે કરવામાં આવ્યું તેના મઢીની ખમણી અંબામાતા વિસ્તારમાં આપવામાં આવેલા નંબરો સ્લમ ધ્વારા કયા પુરાવાના આધારે ઝુંપડાના નંબરો આપવામાં આવ્યા છે તેના સમગ્ર યાદીની માહિતી ૨૦૦ ફુટ રોડ ઉધના નવસારીના અસરગ્રસ્તોને ડીમોલેશન બાદ દુકા જગ્યા કે અન્ય સહાય વ્યવસ્થા કરી આપવામાં આવી હોય તો તેની યાદી જગ્યા વિગેરેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી દફતરી ઈન્સ્પેકશન સહિત આપવા જણાવેલ. જેના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી તરફથી અપીલના તબકકે પૂરક વિગતો મંગાવવા છતાં આ બાબતે તેમણે કોઈ કાર્યવાહી હાથ ધર્યાની વિગતો કે નહીં હાથ ધરવાના કારણો જણાવેલ નથી. તેટલું જ નહીં પરંતુ માહિતી આપવાની નિયત સમય અવધિ દિન–૩૦ માં પૂર્ણ થયા બાદ પણ અને અપીલના તબકકે પણ માહિતી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરાયાનું જણાયેલ નથી. અરજદારે અપીલ અરજી લગભગ પાંચ સપ્તાહના વિલંબથી કરેલ છે જે અંગે અપીલ અરજીમાં કે તે પછી માંગવા છતાં વિલંબનું કોઈ વાજબીપણું કે આધાર રજુ કરેલ નથી. જે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ માહિતી નહીં મળવાના કિસ્સામાં દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની દિન–૩૫ ના વિલંબથી કરેલ અપીલ અરજી વિલંબના વાજબીપણાની અનુપસ્થિતિમાં દફતરે કરવામાં આવે છે. તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં લઈ અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી અરજીના પરિપેક્ષ્યમાં કાયદાની કલમ–૭(૩),૭(૫) તથા નિયમ ૫ (બી) હેઠળ નિયત ઈન્સ્પેકશન તથા દસ્તાવેજ ફી અરજદાર પાસે ભરપાઈકરાવી દિન–૩૦ માં અરજદારને માહિતી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા મુદ્દા નં.૩ અને ૬ માટે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા મુદ્દા નં.૧,૨ અને ૪ તથા ૫ માટે મ્યુ. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) / કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ